પ્રાંતિજ શાળા નંબર-૨ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શાળા નંબર-૨ અને ચંચળબાનગર ખાતે આવેલ પ્રાથમિક શાળાનો શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ યોજાયો. પ્રાંતિજ ના ભાંખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ શાળા નંબર-૨ ખાતે શાળા નંબર-૨ તથા ચંચળબાનગર પ્રાથમિક શાળાનો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો જેમા સલાલ ના નાયબ કાર્યપાલ ઈજનેર એસ.એમ. યાદવ ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો જેમા મહેશ્વર બેન , પિયુષભાઈ મકવાણા સહિત ઉપસ્થિત રહ્યા હતા તો શાળામા કુલ ૧૯ બાળકોને પ્રવેશ આપવામા આવ્યો હતો જેમા બાલવાટિકા મા ૧ બાળક તથા ધોરણ-૧ મા આઠ તથા આંગણવાડી મા આઠ બાળકોને પ્રવેશ આપવામા આવ્યો હતો તો શાળાના નિવૃત્ત શિક્ષક દ્વારા શાળાને-૧૧૦૦૦ નુ દાન આપ્યુ હતુ જયારે જાયન્ટસ ગ્રૂપ પ્રાંતિજ સહેલી દ્વારા કીટ વિતરણ કરવામા આવી હતી તો બાળકો ને તીથીભોજન સ્વ કલાવતી બેન હરી પ્રસાદ ભાવસાર તરફથી આપવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે મેડિકલ ઓફિસર પી એલ.અંસારી , આંગણવાડી સુપર વાઈઝર ગઝલબેન તથા આરોગ્ય કર્મચારી વિપુલભાઈ પટેલ તથા શાળાના આચાર્ય ડાં.કિશનસિંહ પરમાર સહિત શાળા સ્ટાફ સહિત જીસ્ઝ ના સભ્યો વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા તો શાળા દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ તો આવનાર મહેમાનો દ્વારા શાળા સંકુલ મા આયોવેદિક વૃક્ષોનુ વુક્ષારોપણ કરવામા આવ્યુ.

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાની શ્રી ઘાંટા પ્રાથમિક શાળામાં આંગણવાડીમાં અને બાલવાટિકા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી પ્રવેશ પાત્ર બાળકોને શૈક્ષણિક કીટ દાતા દ્વારા ભેટ આપવામાં આવી હતી તેમજ શાળામાં સો ટકા હાજરી આપનાર બાળકોને સન્માનિત કરી પ્રમાણપત્ર અને નોટબુકની ગિફ્ટ આપી હતી. મોડાસા તાલુકાની શ્રી ઘાંટા પ્રાથમિક શાળામાં મોડાસા તાલુકા વિકાસ અધિકારી ગૌરાંગભાઈ પટેલ,સીઆરસી કો.ઓ સંજયભાઈ પંડ્યા આરોગ્યકર્મીઓ, એસએમસી સભ્યો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં આંગણવાડીમાં અને બાલવાટિકામાં પ્રવેશ પાત્ર બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો બેટી બચાઓ અભિયાન વિષે અને સ્વચ્છતા અભિયાન વિષે બાળકોએ વક્તવ્ય આપ્યું હતું તેમજ શાળામાં ૧૦૦ ટકા હાજર રહેનારા બાળકોને ટીડીઓ ગૌરાંગ પટેલના હસ્તે પ્રમાણપત્ર અને નોટબુક વિતરણ કરવામાં આવ્યું. હતું પ્રવેશપાત્ર બાળકો ને દફતર અને કીટ દાતા પારુલ પ્રકાશભાઈ પ્રજાપતિને સન્માનિત કરી આભાર વ્યક્ત કર્યો હતો .

અનોખું વિદ્યાદાન - બાયડની સેવાભાવિ સંસ્થા શાળા પ્રવેશોત્સવ દરમ્યાન બાળકોને ૩૦૦ દફતર - પાટી પેનની ભેટ આપશે

બાયડ, તા.૧૨

રાજ્યમાં આજે સોમવારથી ૩ દિવસનો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાઈ રહ્યો છે ત્યારે બાયડની સેવાભાવિ સંસ્થા જાયન્ટ્સ ગ્રુપ ઓફ બાયડ અને જાયન્ટ્સ સાહેલી દ્વારા વિવિધ શાળાઓમાં ધો.૧માં પ્રવેશ મેળવનાર કુમાર-કન્યાઓને ૩૦૦ દફતર-પાટીપેન ભેટ આપશે. બેટીયાં સ્કુલ ચલે અભિયાનમાં છેલ્લા દાયકામાં સેવાભાવિ સંસ્થાએ કન્યાઓને ૫૦૦૦ દફતરનું વિતરણ કરીને આગવો ચીલો ચાતર્યો છે. દરેક ક્ષેત્રમાં મહિલાઓનું પ્રભુત્વ વધી રહ્યું છે. એક રીતે પુરુષ સમોવડી બની ગઈ છે. ત્યારે બાલ મંદિરથી માંડી ઉચ્ચ શિક્ષણ મેળવી કન્યાઓ આર્થિક રીતે પગભર થાય અને બે કુળ તારે તેવા ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકારે પણ કન્યાઓના અભ્યાસ માટે અનેક લાભદાયી સ્કીમો અમલમાં મૂકી છે. સેવાભાવિ સંસ્થાઓ પણ તેમાં સતત આગેક્ચ કરી રહી છે. દર વર્ષે શાળા પ્રવેશોત્સ આવે ત્યારે જાયન્ટ્સ ગ્રુપ ઓફ બાયડના સભ્યો દાતાઓ મારફતે દાન મેળવી ઉચ્ચ ક્વોલીટીના દફતર, પાટીપેન વગેરેની કીટ તૈયાર કરી ગરીબ અને પછાત વર્ગના બાળકો અભ્યાસ કરતા હોય તેવી શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ દરમ્યાન પહોંચી જાય છે અને મફત દફતર- પાટીપેનનું વિતરણ કરતા હોય છે. અગાઉથી થ આચાર્ય તેમજ જે તે શાળાના આચાર્યનો સંપર્ક કરી ધો.૧માં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા મેળવી લે છે અને પછી શરુ થાય છે તેમનું અનોખુ વિદ્યાદાન. જાયન્ટ્સ ગ્રુપ ઓફ બાયડમાં બેટીયાં સ્કુલ ચલે અભિયાનના મુખ્ય સૂકાની ધર્મેશ સોની, વર્તમાન પ્રમુખ શૈલેષ ભાટીયાએ જણાવ્યું કે બાળકોને ઉત્સાહિત કરવાની સાથે અમારુ મુખ્ય ધ્યેય કન્યા કેળવણીને ઉત્તેજન આપવાનું છે બાયડ તાલુકાના પશ્ચિમ ગાળામાં જાયન્ટ્સ ગ્રુપના પ્રયાસોથી શાળામાં ન આવતી કન્યાઓ પ્રાથમિક શિક્ષણ ઉત્સાહભેર મેળવી રહી છે અને રાજ્યના તત્કાલિન શિક્ષણ મંત્રી સહિત મુખ્ય મંત્રીએ પણ તેની નોંધ લીધી હતી.

નબળા પરિણામો છતાં શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યામાં વધારાથી ઉત્સાહ

જિલ્લાની સ્કૂલોમાં ધો.૯માં વિદ્યાર્થીઓની સંખ્યા વધી, અનેક શાળાઓ વર્ગ વધારો માગશે

બાયડ, તા.૧૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ધો.૧૦ના નબળા પરિણામ પછી અનેક નામાંકીત શાળાઓની શૈક્ષણિક કામગીરી ઉપર માછલાં ધોવાયાં પરંતુ હવે આવી શાળાઓ માટે અચ્છે દિનની શરુઆત પણ છે. ધો.૯માં વિદ્યાર્થીઓની સંખ્યા વધતાં અનેક શાળાઓ વર્ગ વધારો માંગે તેવી સ્થિતિમાં છે. જ્યારે ૬૬ શાળાઓને ગ્રાન્ટેડ વર્ગ વધારો પાછો ખેંચાય તેવી સંભાવના છે. મળતી જાણકારી અનુસાર તા.૫ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. જિલ્લાની ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં ધો.૯માં પ્રવેશ માટે જે રીતે ધસારો જોવા મળ્યો તે જોતાં હવે માધ્યમિક સ્કૂલોમાં ડ્રોપ આઉટ રેસિયો ઘટશે તેવી સંભાવના વધી છે. જિલ્લાના હિંમતનગર, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, વડાલી, ઈડર, તલોદ, પ્રાંતિજ, બાયડ, ધનસુરા, માલપુર, મોડાસા, મેઘરજ, ભિલોડા તાલુકાની ગ્રાન્ટેડ શાળાઓમાં ધારણા કરતાં પણ ધો.૯માં વધુ સંખ્યા આવી છે. કેટલાક કિસ્સાઓમાં તો ઓછા વર્ગખંડોના કારણે કેટલીક શાળાઓએ ધો.૯માં પ્રવેશ આપવાનું બંધ કરતાં નજીકના ગામના વિદ્યાર્થીઓને ન છૂટકે દૂરની શાળાઓમાં પ્રવેશ માટે મજબૂરીવશ જવું પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. જ્યારે ગત મે. મહિનામાં ધો.૧૦નું પરિણામ આવ્યું ત્યારે નબળા પરિણામથી અનેક શાળાઓને વિદ્યાર્થીઓ નહીં મળે તેવું ગણિત મંડાયું હતું પરંતુ જિલ્લાની અનેક શાળાઓમાં ધો.૯માં વિદ્યાર્થી સંખ્યા વધતાં આચાર્યો અને શાળા સંચાલકોને તમામ વિદ્યાર્થીઓને સમાવવા માટે નવેસરથી લેશન કરવું પડે તેવી સ્થિતિ છે. હાલ જે રીતે જિલ્લામાં ધો.૯માં પ્રવેશ માટે ધસારો સામે આવ્યો છે તે જોતાં કેટલીક શાળાઓ કમિશ્નર શાળાઓની કચેરી પાસે ઉપ થી વધુ ગ્રાન્ટેડ વર્ગ વધારાની માંગણી કરે તેવું ચિત્ર ઉપસ્યું છે.

સાબરકાંઠાના અજાત શત્રુ, સહકારી આગેવાન જયંતિભાઈ પટેલનું દુ:ખદ નિધન : અંતિમ વિદાય સમયે અનેક લોકોએ ડુસ્કાં લીધાં

બાયડતા.૧૨

અઢી દાયકાથી પણ વધુ સમયથી સહકારી રાજકારણમાં સક્રીય છતાં પણ અજાત શત્રુ કડવા પાટીદાર સમાજના અગ્રણી, વિવિધ સહકારી સંસ્થાઓમાં ડિરેક્ટર તેમજ ચેરમેન પદે યશસ્વી સેવાઓ આપવાની સાથે વર્તમાન સમયમાં સાબરડેરીના ડિરેક્ટર તરીકે યશસ્વી સેવા આપી રહેલા વડાલીના સહકારી આગેવાન જયંતિભાઈ વીરચંદભાઈ પટેલનું હૃદયરોગના હુમલાના કારણે દુ:ખદ નિધન થતાં સાબરકાંઠા જિલ્લાની પ્રજાએ મુઠ્ઠી ઉંચેરા માનવ ગુમાવ્યાની વ્યથા અનુભવી હતી. સ્વર્ગસ્થની અંતિમ વિદાય સમયે અનેક રાજકીય અને સહકારી આગેવાનોએ રીતસરનાં ડુસ્કાં લીધાં હતાં. પ્રાપ્ત જાણકારી અનુસાર હંમેશાં હકારાત્મક વિચારસરણી ધરાવતા તેમજ સહકારી અને રાજકીય ક્ષેત્રે પોતાનું કદ વધવા છતાં એ જ નમ્રતાની સાથે અનેક ક્ષેત્રમાં આગળ વધ્યા પરંતુ ક્યારેય કોઈને પછાડવાનો વિચારશુદ્ધ પણ

કર્યો ન હતો તેવા અજાત શત્રુ, જિલ્લાની જાણીતી પાટીદાર સીડ્સ-વડાલીના સંચાલક જયંતિભાઈ વીરચંદભાઈ પટેલને બ્લોકેજ આવતાં સારવાર માટે હિંમતનગર ખસેડાયા હતા. જ્યાં એન્જોગ્રાફી દરમ્યાન નળીમાં બ્લોકેજ જણાતાં વધુ સારવાર અર્થે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સર્જરી બાદ તેમની એકાએક તબિયત લથળી અને દુ:ખદ નિધન થયું. રાત્રે વાયુવેગે જયંતિભાઈ પટેલના નિધનના સમાચાર ફરી વળતાં સમગ્ર જિલ્લા સહિત વડાલી તાલુકામાં શોકનો માહોલ છવાયો હતો. સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં જિલ્લાના ખૂણે ખૂણેથી તેમના સમર્થકો, મિત્રો, સ્નેહીજનો ઉમટ્યા હતા. અનેક લોકોની આંખોમાં અશ્રુધારા સતત વહેતી જોવા મળી હતી. સદ્ગતે વડાલીના ધામડીમાં વિશાળ ગૌશાળાના નિર્માણ સાથે તાજેતરમાં વડીલોના વૃંદાવન કાર્યક્રમ શરૂ કરીને સિનિયર સિટીઝનો માટે એક આગવો ભાવ વ્યક્ત કર્યો હતો. સાબરકાંઠા જિલ્લા અને વડાલી તાલુકાને જયંતિભાઈ પટેલની ખોટ વર્ષો સુધી સાલશે તેમ સ્થાનિકોએ જણાવ્યું હતું.

શ્રમજીવીઓનો મીઠો ઓડકાર સમો બાજરાનો રોટલો મોંઘો બન્યો

અગાઉના વર્ષોમાં રૂ.૨૫૦ થી રૂ.૩૦૦ માં વેચાતા બાજરાના ૨૦ કિલોના ભાવ વધીને રૂ.૫૩૦ થયા...

ગાંભોઈ, તા.૧૨

હોટલો અને પાર્ટીઓના મેનુમાં આજકાલ બાજરાના રોટલા, બાજરાનો ઓળો અને ચટપટી કડી જેવી વાનગીઓનું ચલણ વધ્યું છે. એક સમયે ગામડાના મજુર અને શ્રમજીવી લોકોનો મુખ્ય ખોરાક ગણાતો બાજરો આજે શહેરી વિસ્તારના લોકો માટે ચટાકેદાર વાનગી બન્યો છે. જેની અસર તળે હવે બાજરાનો રોટલો મોંઘો થવા પામ્યો છે. તો બીજી તરફ અનાજ બજારોમાં ઘઉં અને મકાઈ કરતા બાજરાના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ઉત્તર અને મધ્ય ગુજરાતના એક વખત મહત્વના પાક ગણાતા બાજરાનું વાવેતર હવે માત્ર સિમિત ખેડૂતો પૂરતું જ રહ્યું છે. ખાસ કરીને ઉનાળુ ઋતુમાં બાજરાનો વાવેતર મહત્તમ થતું હોય છે. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી વી.કે.પટેલના જણાવ્યા મુજબ સાબરકાંઠા જિલ્લામાં ચાલુ વર્ષે ૩૩૧૦ હેક્ટરમાં ઉનાળુ બાજરાનું વાવેતર કરવામાં આવેલ છે. જ્યારે ગયા વર્ષે ૧૯૯૨ હેક્ટર પાકનું વાવેતર હતું. ચાલુ વર્ષે ૧૩૧૮ હેક્ટરનો વધારો થયો છે. બાજરાના પાકની ખેતી કરતા વાવડી ગામના ખેડૂત બાબુસિંહ પ્રતાપસિંહ મકવાણા જણાવે છે કે અગાઉના વર્ષોમાં અનાજ પાકોમાં બાજરાનો ભાવ પ્રતિ ૨૦ કિલોના માત્ર રૂ.૨૫૦ થી રૂ.૩૦૦ સુધીના બજાર ભાવ મળતા હતા. જે મકાઈ-ઘઉં કરતા સરેરાશ રૂ.૧૦૦થી રૂ.૨૦૦ ઓછા રહેતા હતા પરંતુ હાલ ચાલુ વર્ષે બાજરીના ભાવ પ્રતિ ૨૦ કિલોના રૂ.૪૫૦ થી રૂ.૫૩૦ સુધી ખેડૂતોને મળી રહ્યા છે.અગાઉના સમયમાં ઓછું વળતર, નબળું ચોમાસુ અને સિંચાઈના અભાવે ખેડૂતો ઉનાળુ પાક ગણાતા બાજરાનો મર્યાદિત પ્રમાણમાં વાવેતર કરતા હતા. ગામડામાં ખેડૂતો અને શ્રમજીવીઓનો બાજરાના અનાજનો રોટલો મુખ્ય ખોરાક હતો. ચાલુ વર્ષે બાજરાનો બજારભાવ પ્રતિ ૨૦ કિલોના રૂ.૩૦૦થી વધીને રૂ.૫૩૦ની ઊંચી ભાવ સપાટીએ પહોંચતા ગ્રામ્ય અને શહેરના મજુર, શ્રમજીવી વર્ગ માટે બાજરાનો રોટલો મોંઘો બન્યો છે.

શહેરોની હોટલ ઢાબામાં બાજરાના રોટલા માટે 'હોડ' જામે છે...

બાજરીના રોટલા કડીના સ્વાદ રસિયાઓની શહેરોની હોટલો અને પરાવિસ્તારના ઢાબામાં હોડ જામતા તેમજ બાજરાની રાજસ્થાન તરફ નિકાસ થતી હોવાના કારણે બાજરાની અછત સર્જાતા ભાવ વધારો કારણભૂત હોવાનું મનાય છે. ગરીબ લોકો આજે ઊંચા ભાવે બાજરાના રોટલા ખાવા મજબુર બન્યા છે જ્યારે શહેરોમાં શોખથી બાજરો ખવાય છે.

પ્રાંતિજ ખાતે ભાજપ દ્વારા મહિલા સંમેલન યોજાયું

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ મહિલા મોરચા દ્વારા યુવતી સંમેલન નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા યુવતીઓ સહિત મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. ભારતીય જનતા પાર્ટી દ્વારા તા.૩૧મે થી ૩૦ જુન સુધીના ભાજપ દ્વારા નરેન્દ્રભાઈ મોદી ના નેતૃત્વ ના નવ વર્ષ ના સાસન માં થયેલ ભારત વિકાસ ના કામો તથા ભષ્ટ્રાચાર મુકત ભારત સહિત ના કાર્યક્રમો ને લઈ ને પ્રાંતિજ રેલ્વેસ્ટેશન ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે કાર્યક્રમ ના ઈન્ચાર્જ નગરપાલિકા પૂર્વ પ્રમુખ ગીતાબેન પટેલ તથા કાર્યક્રમ ના સહ ઈન્ચાર્જ અને મહિલા મોરચા મંત્રી સોનલબેન દેસાઈ માર્ગદર્શન હેઠળ યુવતી સંમેલન યોજાયુ હતુ જેમા યુવતીઓ તથા મહિલાઓ મોટી સંખ્યામાંઉપસ્થિત રહી હતી અને તેવોને કેન્દ્ર સરકાર ના કામો તથા નવા મહિલા મતદારો ને જાણકારી આપી હતી તો દિકરીઓને કુમકુમ તિલક કરી સન્માન પણ કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે પૂર્વ મંત્રી અને પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર , પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, કૌશલ્યા કુવરંબા , રેખાબા ઝાલા, કલ્પીત ભાઈ દવે , કાજલબેન દોશી, લીનાબેન વ્યાસ, નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, નિકુંજભાઈ રામી , જીગજ્ઞાબેન સોની, રિધ્ધીબેન ભટ્ટ , વર્ષાબેન સથવારા સહિત મહિલા મોરચા ની બહેનો સહિત મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

પ્રાંતિજ ખાતે વોર્ડ નંબર-૬ ના રહીશો દ્વારા અશાંત ધારો લાગુ કરવા આવેદનપત્ર આપ્યુ

મુસ્લિમ દ્વારા તેમના વિસ્તારમાં મકાનની ખરીદી કરવા જતા રહીશોએ આવેદનપત્ર આપી રજુઆત કરી : ચાર કચેરીઓમા આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ વોર્ડ નંબર-૬ ના રહીશોએ અશાંત ધારો લાગુ કરવા અને મુસ્લિમ સમાજના ઈસમ દ્વારા મકાન ખરીદી કરવાને લઈ ને ચાર કચેરીઓમા આવેદનપત્ર આપી રજૂઆત કરી. પ્રાંતિજ પાલિકા વિસ્તાર મા આવેલ ટીબાવાસ ગલેચી ભાગોળ વિસ્તાર માં ક્ષત્રિય સમાજના બક્ષીપંચ સમાજના લોકો રહે છે જેમા મુસ્લિમ દ્વારા એક મકાન ખરીદી કરવાને લઈ ને આ વિસ્તાર ના રહીશો દ્વારા એકજૂથ થઈ ને પ્રાંતિજ ખાતે કાર્યરત વિવિધ હિન્દુ સંગઠનો ને સાથે રાખીને આજે પ્રાંતિજ વોર્ડ નંબર-૬ મા અશાંત ધારો લાગુ કરવા તથા જે મકાનનો દસ્તાવેજ થવાનો છે તે તાત્કાલિક અટકાવવામા સહિત ની તાત્કાલિક કાર્યવાહી થાય તે હેતુથી પ્રાંતિજ વોર્ડ ય-૬ માં રહેતા ટીબાવાસ ના રહીશો દ્વારા દસ્તાવેજ અટકાવવા તથા વોર્ડ-નંબર-૬માં અશાંત ધારો લાગુ કરવા માટે પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે દોડી આવીને પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી એમ.એન. ડોડીયા, પ્રાંતિજ મામલતદાર આર. કુ.ખ્યાતિ.જે પરમાર તથા પ્રાંતિજ સીટીસર્વે ઓફિસ ખાતે પણ પણ આવેદનપત્ર આપીને મકાન ના વેચાય તથા વોર્ડ નંબર-૬ મા અશાંત ધારો લાગુ કરવા આવેદનપત્ર આપીને રજુઆત કરવામા આવી હતી.

બ.કાં.માં ૩૩૬૫ આંગણવાડીઓ પૈકી ૫૮૯ જર્જરીત, છતાં બાળકોને બેસાડવામાં આવે છે

પાલનપુર તા.૧૨

બ.કાં.માં બાળકોને પોષણયુક્ત આહાર માટે પરિવારજનો આંગણવાડી કેન્દ્રમાં મોકલે છે. જોકે સરકારના ચોંકાવનારા આંકડાઓ મુજબ જિલ્લામાં આવેલી ૩૩૬૫ આંગણવાડીઓ પૈકી ૫૮૯ આંગણવાડીઓ એવી છે જેમાં ઓરડા જર્જરીત છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, અને બાળકોને બેસાડવા જોખમી છે છતાં બાળકોને બેસાડવામાં આવી રહ્યા છે. જિલ્લામાં સહુથી વધુ ડીસામાં ૯૧ જર્જરીત આંગણવાડીઓ હોવાનું આંકડાઓમાં સામે આવ્યું છે.બનાસકાંઠા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો ૧૪ તાલુકા પ્રમાણે નહીં પરંતુ ૨૭ ઘટકો પ્રમાણે આંગણવાડી કેન્દ્રો ચાલી રહ્યા છે. જેમાં સૌથી વધુ પાલનપુરમાં ચાર ઘટકો કાર્યરત છે જેમાં ૫૦ આંગણવાડી કેન્દ્ર જર્જરીત છે. ડીસામાં ત્રણ ઘટકો કાર્યરત છે જેમાં ૯૧ આંગણવાડી કેન્દ્ર જર્જરીત છે. આ ઉપરાંત કાંકરેજમાં પણ ત્રણ ઘટકો કાર્યરત છે જેમાં ૭૬ આંગણવાડીઓ જર્જરિત છે. જ્યારે અન્ય તાલુકાઓમાં દાંતામાં ૫૩, વડગામમાં ૬૭, અમીરગઢમાં ૨૩, દાંતીવાડામાં ૧૧, ધાનેરામાં ૨૦, લાખણીમાં ૩૩, થરાદમાં ૨૭, વાવમાં ૪૫, સુઈગામમાં ૩૨, દિયોદરમાં ૪૩ અને ભાભરમાં ૧૮ આંગણવાડી કેન્દ્રો જર્જરીત હોવાનું જાહેર કરાયું છે.

૧૬૩ ભાડાના મકાનમાં કાર્યરત

બનાસકાંઠા જિલ્લા આઈસીડીએસ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે જિલ્લામાં કુલ ૧૬૩ આંગણવાડી કેન્દ્ર ભાડાના મકાનમાં કાર્યરત છે જેમાં સૌથી વધુ પાલનપુર તાલુકામાં ૪૯, ડીસા તાલુકામાં ૩૪, વડગામમાં ૧૭, દાંતામાં ૧૩, થરાદ ૯, વાવ ૯, કાંકરેજ ૮, ભાભર ૬, અમીરગઢ ૫, ધાનેરા ૪, લાખણી ૩ જ્યારે સુઈગામમાં ૨ આંગણવાડીઓ ભાડાના મકાનોમાં કાર્યરત છે.

કેટલાક પરિવારો ભાડું લેતા નથી : આઇસીડીએસ વિભાગ

શહેરી વિસ્તારોમાં આંગણવાડીઓ નજીકમાં રાખવામાં આવતી હોવાથી ભાડાના મકાનમાં રાખવી પડે છે. આરોગ્ય અને બાળ કલ્યાણ વિભાગના સૂત્રોએ જણાવ્યું કે "ગ્રામીણ વિસ્તારોમાં કેટલાક લોકો સેવા ભાવનાથી ભાડું લેતા નથી પણ બાળકો માટે મકાન ખોલી આપે છે."

પાલનપુરમાં પરિવાર ઘરમાં સૂતો રહ્યો અને તસ્કરો કસબ અજમાવી ગયા

રોકડ રકમ અને દાગીના મળી કિ. રૂ.૧.૫૭ લાખના મુદામાલની ચોરી થઈ

પાલનપુર તા.૧૨

પાલનપુર અમીરબાગ વિસ્તારમાં એક પરિવાર ઘરમાં સૂતો હતો ત્યારે તિજોરી અને પર્સમાં પડેલા રોકડ રકમ તેમાંથી દાગીના અજાણ્યા શખ્સો ચોરીને લઈ ગયા હતા. જે બાબતે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

પાલનપુરના અમીરબાગ વિસ્તારમાં રહેતા ઘનશ્યામભાઈ ઓડરમલભાઈ ખત્રી ૧૬ મેં ના રાત્રે ઉનાળાની ગરમી હોવાથી ઘરનો દરવાજો ખુલ્લો મુકી અને મેઇન દરવાજાને તાળું મારી પરિવાર સાથે ઘરમાં સુઈ ગયા હતા. ત્યારે તેમનો દીકરો જયેશ વહેલી સવારે છ વાગે તેમના સંબંધીને મળવા રેલવે સ્ટેશન ગયો અને ચા પાણી કરાવી પાકીટ નીકાળ્યું તો પાકીટમાં મુકેલા રૂપિયા ન હતા. જે બાબતે ઘરે આવી વાત કરતા હતા ત્યાં તિજોરી સામે નજર પડતા તિજોરી ના દરવાજા ખુલ્લા હતા અને તેમાં મુકેલા દીકરીના તેમજ પુત્રવધુના દાગીના તેમજ રોકડ રકમ ની ચોરી થઈ હતી. જેમાં વીંટી નંગ ચાર આઠ ગ્રામ કિંમત રૂપિયા ૩૧ ,૫૮૦ ,સોનાનો દોરો એક તોલો કિંમતરૂ.૩૩,૪૭૨, મંગળસૂત્ર ૧ તોલો કિંમતરૂ. ૩૧,૭૨૦ તેમજ પાકીટમાં પડેલા રૂપિયા પાંચ હજાર રોકડા તેમજ પુત્ર વધુની વીંટી નંગ બે એક તોલા કિંમત રૂપિયા ૪૫,૦૦૦ તેમજ દસ હજાર રૂપિયા રોકડા મળી કુલ કિંમત રૂપિયા ૧,૫૭,૦૪૭ ના મુદ્દા માલની ચોરી થતા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.